મુંબઈ અને અમદાવાદથી પ્રસિદ્ધ થતું
સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ Volume 60 ■ પુસ્તકઃ ૧૯૬ ■ અંકઃ ૨૪૧ ■ આશ્વિન વદ - ૯
■ વિક્રમ સંવત ૨૦૭૩ ■ મુંબઈ ■ (૧૨ + ૪ પાનાં મેટિની) કિંમત ₹ ૭.૦૦ ★

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

શુક્રવાર, ૧૩ ઑક્ટોબર, ૨૦૧૭

MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com
■ 13 October 2017, Friday ■ REGD.No. MCS/058/2015-17






આરુષિ કેસ

# તલવાર દંપતી નિર્દોષ

## ▸ સનસનાટીભર્યા કેસમાં પુરાવાને અભાવે રાજેશ-નૂપુરને છોડ્યા હાઈ કૉર્ટે

*અલાહાબાદ:* અહીંની વડી અદાલતે નૂપુર અને રાજેશ તલવારને ૨૦૦૮માં પોતાની અપુખ્ત વયની દીકરી આરુષિ અને ઘરનોકર હેમરાજની હત્યાના કેસમાંથી ગુરુવારે પુરાવાના અભાવે છોડી દીધા હતા.

અગાઉ, ગાઝિયાબાદની સીબીઆઇ અદાલતે ૨૦૧૩ની ૨૮મી નવેમ્બરે દાંતના ડૉક્ટર દંપતીને બેવડી હત્યાના કેસમાં જનમટીપ ફરમાવી હતી.

નૂપુરના પિતા અને ભારતીય હવાઇ દળના ભૂતપૂર્વ ગ્રુપ કેપ્ટન બી. જી. ચીટણીસે જણાવ્યું હતું કે હું આ ચુકાદા બદલ ન્યાયતંત્રનો આભારી છું. મારી દીકરી અને જમાઇએ ઘણું જ સહન કર્યું છે. તેઓ લાગણીશૂન્ય બની ગયા છે. મારી આ ઉંમરે દીકરીને જેલમાં જોવી બહુ દુઃખદાયક બાબત હતી.

આરુષિની કાકી વંદના તલવારે જણાવ્યું હતું કે અમારા માટે આ બધા દિવસ બહુ જ ખરાબ રહ્યા હતા. અમે તલવાર દંપતીને ન્યાય કરનારી વડી અદાલતના આભારી છીએ.

ન્યાયમૂર્તિ બી. કે. નારાયણ અને ન્યાયમૂર્તિ એ. કે. મિશ્રાની ડિવિઝન બૅન્ચે સીબીઆઇ અદાલતના ચુકાદાને પડકારતી તલવાર દંપતીની અરજી માન્ય રાખી હતી અને જણાવ્યું હતું કે પુરાવાનો અભાવ હોય એવા કિસ્સામાં સંજોગને લગતી માત્ર ધારણા કરવાથી ગુનો સાબિત ન થાય.

ખીચોખીચ ભરેલી અદાલતમાં (જુઓ પાનું ૬) ▸▸
















